Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ૧૧ માસ માટે તદન હંગામી/કરાર આધારીત ધોરણે નીચે દર્શાવેલ રેકટર (ગૃહ માતા) માટેની હંગામી જગ્યા પર કામચલાઉ સેવાની જરૂરીયાત હોય રસ અને યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ તા.૧૫/૧૧/૨૦૨૪, સાંજે ૫:૦૦ કલાક સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

**જોઈએ છે ૧૧ માસ માટે કરાર આધારિત**

| ક્રમ | હોદ્દો | લાયકાત ધોરણ | પગાર ધોરણ (પ્રતિ દિન) |
|---|---|---|---|
| 1 | રેક્ટર(ગૃહમાતા) | એસ.એસ.સી. પાસ, ત્યકતા/વિધવાને અગ્રિમતા આપવામાં આવશે, કોમ્પ્યુટરની જાણકારી, પૂર્ણસમય માટે રાત અને દિવસ હોસ્ટેલમાં ફરજીયાત રહેવાનું રહેશે. | ૨૦,૦૦૦/- (પ્રતિ માસ) |

**નોંધ: ઉપરોક્ત દર્શાવેલ હોદ્દા માટે તા.:15/11/2024 સાંજે 5 કલાક સુધી પ્રાપ્ત થયેલ અરજીઓ અન્વયે ઉપરોક્ત દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોની સ્કિલ ટેસ્ટનું આયોજન તા.:23/11/2024 ના રોજ સવારે 11 કલાકે સેનેટ હોલ,વહીવટી ભવન,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલ છે.**

ક્રમાંક:જન/જાહેરાત/75/2024 Sd/-
તા.:28/10/2024 કુલસચિવ

## તદન હંગામી ૧૧ માસ કરાર આધારીત ઉપરોકત જગ્યા માટે ઉમેદવારોને અરજી કરવા માટેની સૂચનાઓ

(૧) **સદર જાહેરાત અન્વયે તદન હંગામી/૧૧ માસ કરાર આધારીત માટે કામચલાઉ સેવા લેવામાં આવશે જેની આખરી મંજુરી મા.કુલપતિશ્રી દ્વારા આપવામાં આવશે.**

(૨) ઉમેદવારે સંબંધીત પોસ્ટ(જગ્યા) સંદર્ભે જરૂરી લાયકાત, અનુભવ, ઉંમર, ડ્રાઈવીગ લાયસન્સ તેમજ અન્ય વધારાની લાયકાતો અંગેના પુરાવાની ખરી નકલ જોડવાની રહેશે.

(૩) અરજી પત્રકમાં વધારાની માહિતી આપવા ઉમેદવારની સહી સાથેનો વધારાનો કાગળ સામેલ કરી શકશે.

(૪) અનામત કેટેગરી(એસ.સી./એસ.ટી./એસ.ઈ.બી.સી./વિકલાંગ) ધરાવતાં ઉમેદવારોએ સક્ષમ સરકારી સત્તા અધિકારીશ્રીનું સર્ટીફીકેટ સ્કીલ ટેસ્ટ સમયે સાથે લાવવાનું રહેશે.

(૫) ઉમેદવારે ભરેલ અરજીપત્રકમાં પત્રવ્યવહારના સરનામાં, ફોન નંબરમાં ફેરફાર થાય તો તે અંગેની લેખિતમાં જાણ કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭ ને કરવાની રહશે.

(૬) અધૂરી ભરેલ વિગતવાળા અરજી પત્રક ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૭) ઉમેદવારે જરૂરી લાયકાત ધોરણ તપાસીને પૂરેપૂરી માહિતી મેળવીને અરજીપત્રક ભરવાનું રહેશે. લાયકાત અંગે કોઈપણ પૂછપરછ ધ્યાને લેવામાં આવશે નહી.

(૮) ઉમેદવારે સ્વખર્ચે પરીક્ષા/ સ્કીલ ટેસ્ટ માં હાજર થવાનું રહશે.

(૯) સ્કીલ ટેસ્ટ ની તારીખ અને સ્થળની સૂચના ઉમેદવારને ઈમેઈલ/એસ.અમ.એસ. દ્વારા કરવામાં આવશે.

(૧૦) પ્રત્યક્ષ અથવા પરોક્ષ દાબદબાણ ઉમેદવારને ગેરલાયક ઠેરવવાને પાત્ર છે.

(૧૧) સ્કીલ ટેસ્ટ સમયે કોવિડ–૧૯ મહામારીને કારણે સામાજીક દૂરી જાળવી કોરોના માટેની સરકારશ્રીની SOP (માર્ગદર્શિકા)નો ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૨) કોઈપણ જગ્યા ભરવા માટે જગ્યા ભરવાનો નિર્ણય, ફેરબદલ કરવા માટે અથવા જગ્યા નહિ ભરવા માટે યુનિવર્સિટીનો અબાધિત અધિકાર રહશે.

(૧૩) કોઈપણ ઉમેદવાર અગર ખોટી માહિતી આપશે, અધુરી માહિતી કે માહિતી છુપાવવાની કોશિષ કરશે તો તે ઉમેદવાર જે તે જગ્યા માટે ગેરલાયક ઠરશે. અગર આવા ઉમેદવારની સેવા અંગે બરતરફ કરવામાં આવશે.

(૧૪) યુનિવર્સિટીના નિયમોને આધિન જે તે ઉમેદવારને સેવા લેવા મંજૂરી આપવામાં આવશે.

(૧૫) ઉપરોકત બાબતે સેવા લેવા અંગે કર્મચારીએ વિભાગીય વડાશ્રીની સુચના અનુસાર કામગીરી ફરજીયાત કરવાની રહેશે.

(૧૬) દરેક સહાયક (પુરૂષ તેમજ મહિલા) પ્રવેશ,પરીક્ષા,પરિણામ અને યુનિવર્સિટીની તમામ કામગીરી માટે સુરત શહેર/સુડા વિસ્તારમાં કામગીરી અર્થે જવાનું રહેશે.

(૧૭) પસંદગી પામેલ સહાયક યુનિવર્સિટી નિર્ધારિત કરારનામું રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર (નોટરી સહિત) પર કરવાનો રહેશે.

(૧૮) પસંદગી પામેલ સહાયક નકકી કરેલ વેતન સિવાય કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તેમજ પ્રોવિડન્ટ ફંડ અથવા પગારપંચના બીજા લાભો કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહી.

(૧૯) **સ્કીલ ટેસ્ટ સંદર્ભે સમગ્ર માહિતી યુનિવર્સિટી વેબસાઈટ પર મુકવામાં આવશે. એસ.એમ.એસ., ઈમેલ,અથવા ફોન કરી વારંવાર પૂછપરછ કરવી નહી. યુનિવર્સિટીની વેબસાઈટ તપાસ કરતા રહેવું.**

---XXXX----